# અમે તો કોઈનો રસ્તો નથી રોક્યો વિના કારણ, ખુશી પામ્યા જીવનભર, કર્મનું કારણ મળ્યું અમને!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

સદાશિવ માસ્તરનું બે બેડરૂમનું ઘર તો ભરૂચમાં સિવિલ હોસ્પિટલ રોડ પાસેની પુનિત સોસાયટીમાં હતું. એ પણ સદાશિવ માસ્તરના પિતાજીએ લઈ રાખેલું એટલે સદાશિવ માસ્તર, એમની પત્ની હંસા અને એમનો દીકરો મલય શાંતિથી રહેતાં હતાં. બાકી, અત્યારે એ ઘર ખરીદી શકે એમ નહોતું. જો કે સદાશિવ માસ્તરની સ્થિતિ સાવ ખરાબ ન હતી ને એકદમ સરસ પણ ન હતી. મધ્યમવર્ગના શિક્ષકની હોય એવી જ હતી.

આ તો એમનો દીકરો મલય પી.ટી.સી.માં પાસ થયો ને એને ભરૂચમાં જ પ્રાથમિક શાળામાં નોકરી મળી એટલે સદાશિવ માસ્તરની જીવનનૈયા સંસારસાગરમાં હવે હાલકડોલક થતી નહોતી. મલય નાનપણથી જ ભણવામાં તેજસ્વી. દરેક વરસે એ પહેલા નંબરે જ પાસ થતો અને ભણવા સિવાય એને બીજું કોઈ વ્યસન ન હતું. હા, એક વસ્તુનું એને વળગણ હતું અને એ ભક્તિનું. પુનિત સોસાયટીથી થોડે આગળ જઈને ડાબી બાજુ વળીએ એટલે પીપળેશ્વર મહાદેવનું મંદિર આવે. સરસ મંદિર. સદાશિવ માસ્તર ક્યારેક ક્યારેક ત્યાં દર્શન કરવા જતા પણ મલય રોજેરોજ મહાદેવના દર્શન કરવા અચૂક ત્યાં જતો. સમય નક્કી નહીં પણ જવાનું નક્કી. એ પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારથી જ એને પીપળેશ્વર મહાદેવના દર્શન કરવાની આદત પડેલી. ધીમે ધીમે પ્રાથમિક શાળાનો અભ્યાસ પતાવીને મલય હાઈસ્કૂલમાં દાખલ થયો. એ પછી પણ દર્શન કરવા જવાનો એનો ક્રમ ચાલુ જ રહ્યો.

હાઈસ્કૂલમાં એનો ખાસ મિત્ર રમણ એને ક્યારેક કહેતો, " મલય, તું રોજ મંદિરે દર્શન કરવા જાય છે, આડોશીપાડોશીઓની સેવા કરે છે, અરે, અજાણ્યાને પણ તું મદદરૂપ થાય છે, તને થાક નથી લાગતો?"

''થાક શાનો લાગે રમણ ?" મલય કહેતો, "મારાથી થાય એટલું કરું છું ને મને સ્હેજેય થાક નથી લાગતો. આડોશીપાડોશીનાં કામ હું હોંશથી કરું છું ને કોઈ અજાણ્યાને પણ મદદની જરૂર હોય તો મને મદદ કરવામાં જરાય સંકોચ નથી થતો. રમણ, મને થાક ન લાગવાનું કારણ એ છે કે, આ બધાની મદદ કરવા પાછળ કશું મેળવી લેવાની મારી ભાવના નથી, સમજ્યો?'' "સમજ્યો મલય," રમણે કહ્યું, "સેવા તો મને પણ કરવી ગમે પણ મારે તો હાઈસ્કૂલેથી છૂટીને ઘેર જઈને જમીને દુકાને પપ્પાને મદદ કરવા બેસી જવું પડે છે. એમાં અભ્યાસ પણ બરાબર નથી થતો."

"કૈં વાંધો નહીં દોસ્ત," મલય બોલ્યો, "તારી 'શિવ સ્ટેશનરી એન્ડ લોટરી સેન્ટર' દુકાન એટલી સરસ ચાલે છે, પછી તારે આગળ ભણીનેય શું કરવાનું છે?"

આ રીતે મલય અને રમણનો અભ્યાસ ચાલતો રહ્યો, નર્મદાનું નીર વહેતું રહ્યું. બારમું ધોરણ પાસ કરીને રમણ દુકાને બેસી ગયો ને મલય પી.ટી.સી. કરવા ઊપડ્યો. એક વરસ પછી એ ઘેર પાછો આવ્યો ત્યારે સદાશિવ માસ્તરને રિટાયર્ડ થવાને માત્ર છ મહિના જ બાકી હતા. એકાદ મહિનામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ભરતીની જાહેરાત આવી ને મલયે અરજી કરી દીધી. બીજા મહિને ઈન્ટરવ્યૂ પણ થઈ ગયા ને મલય પાસ થઈ ગયો. ત્રીજા મહિને તો એને ભરૂચની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેનો નિયુક્તિપત્ર પણ મળી ગયો! સદાશિવ માસ્તર અને હંસા ખુશ થઈ ગયાં. એમણે સોસાયટીમાં પાર્ટી પણ આપી.

"સાંભળ્યું, " એક રાત્રે હંસાએ સદાશિવ માસ્તરને કહ્યું, "આપણો મલય હવે જુવાન થયો ને હવે સરકારી નોકરી પણ કરે છે તો હવે એના માટે કન્યા શોધીશું ?"

"અરે ગાંડી," સદાશિવ માસ્તર હસ્યા, "હવે આપણે કન્યા નહીં શોધવી પડે, કન્યાનાં મા-બાપ આપણને શોધતાં આવશે, તું જોજે."

અને ખરેખર, થોડા સમય પછી સદાશિવ માસ્તર પાસે બે-ત્રણ કન્યાના વાલી આવી ગયા. સદાશિવે તરત જવાબ આપવાનું ટાળ્યું. છેવટે વડદલાના એક બ્રાહ્મણ પરિવારની કન્યા જોવા જવાનું એમને મન થયું.

મલય અને હંસાને લઈને સદાશિવ વડદલા પહોંચ્યાં. સદાશિવને કુટુંબ ગમ્યું ને મલયને કન્યા દેવાંગી ગમી. સગપણ નક્કી થઈ ગયું. જે દિવસે સદાશિવ માસ્તર રિટાયર્ડ થયા એ જ દિવસે મલયનું સગપણ થયું, ને જે દિવસે સદાશિવ માસ્તરના રિટાયરમેન્ટના સારા એવા પૈસા આવ્યા, એ વખતે મલયના દેવાંગી સાથે લગ્ન પણ થઈ ગયા. લગ્ન પછી હંસાનું બધું કામ દેવાંગીએ ઉપાડી લીધું. એના સંસ્કાર સદાશિવ માસ્તરનાં ઘરમાં ઝળહળી ઊઠ્યા. હવે તો કોઈ સાધુસંત જમવાના સમયે આવે તો દેવાંગી એમને અચૂક જમાડીને જ મોકલતી.

મલય હવે અઠવાડિયે એકાદ વખત રમણની દુકાને બેસવા જતો. દુકાન સરસ ચાલતી હતી.

"તું તો દુકાનમાં જામી ગયો રમણ," મલયે એક વાર પૂછ્યું, "મઝા પડે છે?'' "મઝા જ મઝા છે મલય," રમણ બોલ્યો, "સ્ટેશનરી પણ બરાબર વેચાય છે ને લોટરીની ટિકિટો પણ ખૂબ વેચાય છે. તું પણ એક વખત ટિકિટ લઈ લે. જો, હમણાં કેરલ સ્ટેટની એક કરોડના પહેલા ઈનામવાળી ટિકિટો આવી છે."

"ના રે ભૈ," મલય બોલ્યો, "મને લોટરીની ટિકિટ લેવામાં વાંધો નથી પણ મને એમાં રસ નથી પણ, તેં કેરલ લોટરીનું કહ્યું એટલે મને યાદ આવી ગયું - આવતા મહિને હું અને દેવાંગી કેરાલા ફરવા જઈએ છીએ. મુંબઈથી બાય એર કોચી, ત્યાંથી કારમાં ત્રિવેન્દ્રમ ને ત્યાંથી બાય એર મુંબઈ. હું તો ખાસ ત્રિવેન્દ્રમના પદ્મનાભ મંદિરમાં દર્શન કરવા જ જાઉં છું."


"વાહ વાહ," રમણ બોલ્યો, "મારા વતી પણ દર્શન કરજે." "ચોક્કસ," મલયે ઊભા થતાં કહ્યું, "ચાલ, હું જાઉં હવે." સદાશિવ માસ્તરે જ મલયને ફરવા જવાનું કહ્યું હતું અને પૈસા પણ એમણે જ આપ્યા હતા એટલે હવે મલય અને દેવાંગી કેરાલાની તૈયારીમાં લાગ્યાં.

એમણે એક એજન્ટ દ્વારા કેરાલાની ટુર ગોઠવી હતી. રવિવારે સવારે ભરૂચથી મુંબઈ જવા ટ્રેનમાં મલય અને દેવાંગી ઊપડ્યાં. બપોરે એક વાગ્યાની ફ્લાઈટ હતી. લગભગ અઢી વાગ્યે બન્ને કોચી એરપોર્ટ પર ઊતર્યાં ત્યારે હાથમાં એના નામનું પ્લેકાર્ડ લઈને ટેક્સી ડ્રાઈવર ઊભો જ હતો. મલય અને દેવાંગી ગોઠવાયાં એટલે ડ્રાઈવરે ટેક્સી સ્ટાર્ટ કરી. "સર," ડ્રાઈવરે હિન્દીમાં કહ્યું, "સાંજ પડી છે, એટલે આપણે આજની રાત ચેરાઈ બીચ પર રોકાવાનું છે. કાલે સવારના આપણે મુન્નાર માટે નીકળીશું."

લગભગ અડધા કલાક પછી ટેક્સી ચેરાઈ બીચ રિસોર્ટના ગેટમાં પ્રવેશી. મલયનો રૂમ સરસ હતો. જમીને બન્ને સામે દરિયાકિનારે ગયાં. દેવાંગી તો કેરળનું અદભુત દ્રશ્ય જોઈને ખુશ થઈ ગઈ.

બીજા દિવસે મુન્નારમાં પણ સરસ હોટેલ હતી. મુન્નારમાં બે દિવસમાં ચ્હાના બગીચા ને ચ્હા બનાવવાની ફેક્ટરી એમણે જોઈ, એ પછીના દિવસે થેકડી રોકાવાનું થયું. જો કે થેકડીમાં એમને ખાસ મઝા ન પડી. ત્યાંથી એલેપ્પીમાં રોકાવાનું હતું. એલેપ્પીમાં હાઉસબોટ જેવી બોટમાં રોકાવાની એમને મઝા પડી. બેકવોટરમાં તરતી બોટ મલયને ખૂબ ગમી. પછીના દિવસે બન્ને ત્રિવેન્દ્રમ જવા નીકળ્યાં. ત્યાં પદ્મનાભ મંદિરમાં પ્રવેશ કર્યો ને મલય અભિભૂત થઈ ગયો. સૂતેલા ભગવાન પદ્મનાભસ્વામીની મૂર્તિ જોઈને એની આંખમાં આંસુ આવી ગયાં. દર્શન કરીને બન્ને બહાર આવ્યાં. ડ્રાઈવર સામે જ હોટેલમાં બેઠો હતો એટલે આ બન્ને પણ ત્યાં ગયાં. દેવાંગીનું ધ્યાન સામેની દુકાનના એક મોટા બોર્ડ પર ગયું. એ મલયાલી ભાષામાં હતું એટલે એ સમજી ના શકી પણ એને આ બોર્ડ દ્વારા શું વેચાય છે એ જાણવામાં રસ પડ્યો એટલે એ દુકાન પર ગઈ. મલય પણ એની પાછળ ગયો. દુકાનદારે કેરાલા સ્ટેટની લોટરીનું બોર્ડ છે એમ કહ્યું ને મલયને રસ ન પડ્યો પણ દેવાંગીને થયું કે, કેરાલા આવ્યા છીએ તો લોટરી લઈએ. પ્રથમ ઈનામ એક કરોડ રૂપિયાનું હતું એ તો રમણે મલયને કહેલું જ. ટિકિટ દસ રૂપિયાની હતી. દેવાંગીએ ત્રણ ટિકિટો ખરીદી. એ પછી એક દિવસ ત્રિવેન્દ્રમ રોકાઈને બીજા દિવસે સાંજની ફ્લાઈટમાં બન્ને મુંબઈ આવ્યાં ને ત્યાંથી ટ્રેનમાં ભરૂચ પણ પહોંચી ગયાં. રમણ માટે મલયે કેરાલાથી સેન્ડલવુડના હેન્ડમેડ સાબુ લીધા હતા એ આપવા એ બીજા દિવસે રમણની દુકાને ગયો. "વાહ ભૈ," રમણે એને આવકારતા કહ્યું, "કેવું રહ્યું કેરાલા?" "અરે," મલય બોલ્યો, "ખરેખર જો ફરવા જવું હોય તો કેરાલા જ જવાય. આખો લીલોછમ પ્રદેશ, શિસ્તબધ્ધ પ્રજા, શાંત વાતાવરણ ને ભરપૂર કુદરતી દ્રશ્યો - અમને તો મઝા પડી ગઈ, તારા માટે ત્યાંના પ્રખ્યાત ખાદીગ્રામના સાબુ લાવ્યો છું."

આટલું કહીને એણે સાબુનું પેકેટ રમણને આપ્યું.




**આપણે આવતીકાલે કેરાલા જવાનું નક્કી કર્યું છે પછી તું ફરી વાર કેમ પૂછવા આવ્યો? અડધી રાતે જગાડ્યો હતો મને, સવારે નહોતું અવાતું?**

"અને રમણ," મલયે હસીને કહ્યું, "મેં તો તારી પાસેથી કેરાલા સ્ટેટની લોટરીની ટિકિટ ન લીધી, પણ તારી ભાભીએ ત્રિવેન્દ્રમથી કેરાલા સ્ટેટ લોટરીની ત્રણ ટિકિટો લીધી છે.'' "વાહ વાહ," રમણ બોલ્યો, "હવે જો તારું નસીબ પલટે છે કે નહીં."

"ક્યારે એનું રિઝલ્ટ છે?'' મલયે પૂછ્યું.

"હજી મહિનાની વાર છે," રમણ બોલ્યો, "આવતા મહિનાની ત્રીસમી તારીખે એનું રિઝલ્ટ છે. એ છાપામાં તો અહીં નથી આવતું પણ હું એનો ઓથોરાઈઝ્ડ એજન્ટ છું એટલે મને મેઈલમાં એનું એ જ દિવસે મળી જાય છે અને કેરાલા સ્ટેટ લોટરીની વેબસાઈટ પર પણ રિઝલ્ટ મુકાય છે. હું તને રિઝલ્ટ આવે એટલે ફોન કરીશ.'' "ભલે" કહીને મલયે રજા લીધી.

એ પછી તો દિવસો પસાર થતા ગયા. હવે તો લગભગ દર અઠવાડિયે કોઈ ને કોઈ સાધુસંત એને ત્યાં અચૂક જમવા આવી જતો.

પીપળેશ્વર મહાદેવના દર્શન કરવાનો નિયમ મલયે જાળવી રાખ્યો હતો.

ત્રીસમી તારીખ આવી અને મલયે સવારના રમણને મોબાઈલ પર પરિણામ જાણવા વાત કરી પણ રિઝલ્ટ સાંજના ચારેક વાગ્યે આવશે એવું રમણે કહ્યું.

બપોરના બારેક વાગ્યે મલય જમવા બેસવાની તૈયારી કરતો હતો ત્યાં જ એક યુવાન સાધુનું આગમન થયું. દેવાંગીએ એ સાધુને પણ મલયની સાથે જ જમવા બેસાડી દીધો.

"તેરા કલ્યાણ હોગા બચ્ચા," જમીને ઊભા થતાં સાધુએ કહ્યું, "તેરેકુ કુછ તકલીફ નહીં હોગી. અગર તકલીફ હોગી ભી, તો ભોલેનાથ સંભાલ લેગા, તુ ચિંતા મત કરના. ભોલેનાથકો યાદ કરના."

સાંજના ચાર વાગ્યે મલય બેઠો હતો ને એના મોબાઈલની રીંગ વાગી. રમણનો જ ફોન હતો. "મલય," રમણે કહ્યું, "કેરાલા સ્ટેટ લોટરીનું રિઝલ્ટ આવી ગયું છે, તું તારી ત્રણેય ટિકિટોના નંબર બોલ."

મલયે તરત જ દેવાંગી પાસેથી ટિકિટો માગી લીધી ને એમાંથી એક ટિકિટનો નંબર એણે કહ્યો.

"આમાં એક હજાર રૂપિયાનું ઈનામ છે," રમણ બોલ્યો, "એ તું કાલે દુકાનેથી લઈ જજે. હવે બીજો નંબર બોલ." મલયે બીજી ટિકિટનો નંબર કહ્યો.

"આમાં કશું ઈનામ નથી," રમણે કહ્યું, "ફાડીને ફેંકી દે. હવે ત્રીજી ટિકિટનો નંબર કહે." મલયે એ ટિકિટ ફાડી નાખી ને ત્રીજી ટિકિટનો નંબર કહ્યો. બે-ચાર મિનિટ સામેથી કશો ઉત્તર ન મળ્યો પછી રમણનો અવાજ આવ્યો. "ચોક્કસ આ જ નંબર છે?" રમણે પૂછ્યું, "ફરી વાર બોલ તો." મલયે ફરી વાર નંબર કહ્યો.

"ખરેખર આ જ નંબર છે?" પાંચેક મિનિટ પછી રમણનો ફોન આવ્યો, "તું ચેક કરી જો ને મને ફરી વાર નંબર કહે."

મલયે ચોકસાઈથી ત્રીજી વાર રમણને નંબર કહ્યો.

"મલય...મલય..." રમણે બૂમ પાડતો હોય એમ કહ્યું, "તું જબરો નસીબદાર છું યાર, તારા જેવો નસીબદાર મેં હજી સુધી જોયો નથી, તારી ભક્તિ ફળી ! તારી ટિકિટને પહેલું ઈનામ, એક કરોડ રૂપિયાનું લાગ્યું છે! હવે ટિકિટ સાચવીને મૂકી દે ને કાલે મારી દુકાને ટિકિટ લઈને આવી જજે, આપણે કેરાલા સરકારમાં જવું પડશે. એ બધું કાલે નક્કી કરીશું. ચાલ, અભિનંદન."

મલય અને દેવાંગીની આંખમાં આંસુ આવી ગયાં. સદાશિવ માસ્તર અને હંસાબહેન પણ રાજી રાજી થઈ ગયાં. દેવાંગીએ મલયની સૂચના પ્રમાણે લોટરીની બન્ને ટિકિટો પાકિટમાં મૂકીને પાકિટ તિજોરીમાં મૂકી દીધું.

એ પછી મલય તરત જ મહાદેવના દર્શન કરવા મંદિરે દોડ્યો. એ રાત્રે એને ઊંઘ જ નહોતી આવતી.

લગભગ રાતના સાડા બાર વાગ્યે એના ઘરનું બારણું ખખડ્યું. મલયે ઊભા થઈને બારણું ખોલ્યું ને બારણું ખોલતાં જ ત્રણ બુકાનીધારીઓ ઘરમાં દાખલ થઈ ગયા ને એમણે બારણું અંદરથી બંધ કરી દીધું. દેવાંગી પણ જાગી ગઈ. "પેલી લોટરીની ટિકિટ અમને આપી દે," એક જણ બોલ્યો, ને બીજાએ દેવાંગીનું ગળું પકડીને એના ગળા પર છરી રાખી. "સ્હેજ પણ અવાજ કર્યો, તો આ છરી સગી નહીં થાય, જલ્દી પેલી લોટરીની ટિકિટ આપી દે નહીં તો તમને બન્નેને મારી નાખીશું."

ધ્રુજતા ધ્રુજતા મલયે તિજોરીમાંથી ટિકિટો કાઢીને પેલાના હાથમાં મૂકી. 'કોઈને કશું કહેવાનું નથી,'' એક જણાએ બારણું ખોલતાં કહ્યું, "તમને ઈનામ મળ્યું જ નથી એમ માનજો.'' દેવાંગી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

"દેવાંગી," મલય બોલ્યો, "રડીશ નહીં, ભગવાન ભોળાનાથ આપણી સાથે છે. હું કાલે સવારના જ રમણની દુકાને જઈને વાત કરીશ, અત્યારે સૂઈ જા."

બન્ને સૂતાં તો ખરાં પણ આંખમાં ઊંઘ નહોતી.

સવારના દસેક વાગ્યે મલય રમણની દુકાને ગયો.

"રમણ," એણે પગથિયું ચડતાં કહ્યું, "કેરાલા...."

"હા ભૈ," રમણે હસીને કહ્યું, "આપણે આવતીકાલે કેરાલા જવાનું નક્કી કર્યું છે પછી તું ફરી વાર કેમ પૂછવા આવ્યો? અડધી રાતે જગાડ્યો હતો મને, સવારે નહોતું અવાતું?" ''શું...?'' મલય ચમક્યો.

"હવે શું શું કરે છે?" રમણ બોલ્યો, "અલ્યા, રાતના બે વાગ્યે તું ને એક સાધુ મહારાજ આવ્યા ને મને તેં ટિકિટો આપી ને આપણે આવતીકાલે કેરાલા જવાનું નક્કી કર્યું પછી તું ગયો ને અત્યારે પાછો આવી ગયો!''

"એટલે ટિકિટો તારી પાસે છે?" "તેં આપી હતી તો મારી પાસે જ હોય ને?" કહીને રમણે તિજોરીમાંથી ટિકિટો કાઢીને મલયને બતાવી.

"હું દસ મિનિટમાં ઘેર જઈને બધાને વાત કરીને આવું છું," મલયે ઊભા થતાં કહ્યું, "પછી તને બધી વાત કરીશ."

એ વખતે મલયને ઈશ્વરની લીલાનો પહેલી વખત પરિચય થયો!

(શીર્ષકપંક્તિ: રશ્મિ શાહ)